સિદ્ધાર્થ બુદ્ધ

નાટકનાં ગાયનો.

રચનાર.

નૃસિંહલાલ ભગવાનદાસ વિભાકર

એમ. એ. એલ. એલ. બી.

બેરીસ્ટર—એટલો—મુંબાઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મોતીરામ બેચર નંદવાણા.

શ્રી આર્ય નાટ્ય સમાજના માલીક.

મુંબઈ.

શ્રી "રામકૃષ્ણ" પ્રીન્ટીંગ પ્રેસ.

અમદાવાદ.

મુલ્ય બે આના.

શ્રીમાન્ ધ્રાંગધ્રાનરેશ મહારાણા શ્રી ઘનશ્યામસિંહજી
મહારાજાશ્રિત,

શ્રી આર્ય નાટય સમાજ.

સિદ્ધાર્થ બુદ્ધ.

નાટકનો ટુંકસાર તથા ગાયનો.

રચનાર.

નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર,
બી. એ. એલ. એલ. બી.
બેરિસ્ટર. એટ. લૉ-મુંબાઇ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મોતીરામ બેચર નંદવાણા,
શ્રી આર્ય નાટય સમાજના માલીક-કરાંચી.

'મકૃષ્ણ' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરિવલ્લભદાસે છાપ્યું.
ઠે. કાલુપુર ટંકશાળની પોળ-અમદાવાદ.

આવૃત્તિ પહેલી પ્રત ૫૦૦૦.

સને ૧૯૧૪-૧૫ વિક્રમ સંવત્ ૧૯૭૧.

કિંમ્મત બે આના.

નાટકમાં આવતાં પાત્રો.

પુરૂષ વર્ગ.

શુદ્ધોદન—કપિલ વસ્તુ નગરીનો નરેશ સિદ્ધાર્થ કુમારનો પુત્ર વત્સલ પિતા.

અમાત્ય—રાજા શુદ્ધોદનનો શાણો પ્રધાન.

અસિત ઋષિ—સિદ્ધાર્થ કુમાર માટે યથાર્થ ભવિષ્ય ભાખનાર યોગી.

સિદ્ધાર્થ કુમાર—દયાના સાગર વિશ્વના બંધુ, ભગવાન બુદ્ધ. રાજા રાજા શુદ્ધોદનના પ્રિય પુત્ર. યશોધરાના પ્રાણેશ ગૌતમ શાક્ય મુનિ.

ચન્ન—સિદ્ધાર્થ કુમારનો વફાદાર, સ્નેહભીનો સારથિ.

પુરોહિત—સ્ત્રીઓ તરફ પક્ષપાતી, રસિક, લીંબુના પાણી જેવો, દક્ષિણાનો દાસ, દુનિઆનો મિત્ર, કપિલ વસ્તુનો રાજ્ય ગોર.

દેવદત્ત—સિદ્ધાર્થ કુમારનો શૂરવીર પિત્રાઇ અને હરીફ. સુરેશાનંદનો પાલક, પાછળથી બુદ્ધની ઉદારતાથી મ્હાત થયેલો તેનો શિષ્ય.

અનાથપિંડિક—ભગવાન બુદ્ધને સુવિખ્યાત જેતવન અર્પણ કરનાર, શ્રાવસ્તી નગરીનો, ઉદારચરિત, ધનાઢ્ય નગર શેઠ. કૂશાનો પિતા.

રોહિલમુખી—કપિલ વસ્તુનો ભક્ત પટેલ.

દંડપાણિ—કોલિ નગરનો અધીશ. યશોધરાનો પિતા.

સુરેશાનંદ—કપિલ વસ્તુનો, લોક પ્રિય, અને દેવદત્તનો ઉપકારવશ નાગરિક કૂશાનો કંથ. પાછળથી “ આનંદ ” નામથી ઓળખાતો બુદ્ધનો માનીતો શિષ્ય.

ઉપાલિ—સાત્વિક વૃત્તિનો હજામ બુદ્ધનો અનુયાયી.

બિંબિસાર—મગધ દેશનો રાજા. "અહિંસા પરમો ધર્મ:" ના મહાન મંત્ર માટે બુદ્ધનો ઋણી અને શિષ્ય.

વામ પ્રસાદ—વામ માર્ગીનો નમુનો. રમણનો પિતા.

રમણ—વામ પ્રસાદનો ચાલાક રંગીલો પુત્ર. મધુરીનું પ્રેમ પાત્ર.

રાહુલકુમાર—સિદ્ધાર્થ અને યશોધરાનો પુત્ર.

પંડિતજી—બ્રાહ્મણ ધર્મનો ખેરખાં. અક્કલનો અવતાર. ભાષાનો બૃહસ્પતિ. મહાન્ તર્કશાસ્ત્રી. ક્રિયા કાંડનો આચાર્ય. પ્રાયશ્ચિત શાસ્ત્રીનો પિતા.

ઉપરાંત, રાજકુમારો, બાલકો, લૂટારો, શહેરીઓ, શ્રમણો, હોતાઓ, વૃદ્ધ, રોગી, સન્યાસી, બેપિયો, નોકર, ભરવાડ, પંડયાજી, વિગેરે વિગેરે.

સ્ત્રી વર્ગ

ગૌતમી—રાજા શુદ્ધોદનની રાણી સિદ્ધાર્થ કુમારની પ્રેમાળ પાલક માતા.

યશોધરા-દંડપાણિની પુત્રી. સિદ્ધાર્થની અર્ધાંગના. રાહુલકુમારની માતા.

સ્નેહલતા, નલિની—યશોધરાની સખીઓ.

ચિત્ર લેખા—યશોધરાની પ્રિય દાસી.

કૃશા—અનાથ પિંડિકની પુત્રી. સુરેશાનંદની પ્રિયતમા. બુદ્ધની શિષ્યા " શાંતલ હરી."

મધુરી—પંડિતજીની પુત્રી. રમણનું પ્રીતિ પાત્ર.

સુજાતા—બુદ્ધને ખીર ખવરાવનાર ગોવાળણ.

પૂર્ણા—સુજાતાની દાસી.

મધુ પ્રભા—વિશ્રામવનની વારાંગના.

ઉપરાંત કપિલ વસ્તુની કુમારીઓ, બુદ્ધની શિષ્યા વિશાખા તથા ગુણિકા અંબપાલી, વારાંગના, સખીઓ વિગેરે.

સ્થળો.

કપિલ વસ્તુ. કોલિ નગર રાજગૃહ. શ્રાવસ્તી. અનોમા અને નિરંજના નદીના કિનારા. વેણુવન. શ્રાવસ્તીમાં અનાથ પિંડિકનું ચિર સ્મરણીય જેતવના વિગેરે.

સમય.

લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે.

લેખકની પ્રસ્તાવના.

વિશ્વ માટે જે જેટલા પ્રમાણમાં વધારે પ્રેમ છતાં વધારે વૈરાગ્ય, અને વધારે ઔદાર્ય છતાં વધારે આત્મભોગ દાખવી શકે તે તેટલા પ્રમાણમાં જગતનાં અર્ચનને પ્રેમને પૂજાને વધારે પાત્ર છે, તે તેટલા પ્રમાણમાં મનુષ્યનો મિત્ર ભોમિયો ગુરૂ થવાને વધારે યોગ્ય છે. અને તેથીજ એ મહાનમાં મહાન્ કર્મયોગી, કરૂણાના સાગર પ્રેમ મૂર્તિ "સિદ્ધાર્થ બુદ્ધ" નું મંગલમય નામ આખી દુનિયાના આદરને પાત્ર થયું છે. કોઇએ દિલ દરિયાવને ઇશ્વરના અવતાર તરીકે પૂજે છે, તો કોઇએ યોગેશ્વરને સંસારની ભયંકર લાલચો સામે અડગ ધૈર્ય અને બહાદૂરીથી યુદ્ધ કરી સંસાર ઉપર સામ્રાજ્ય મેળવનાર અને સકલ લોક સમૂહને નીતિનાં મહાન્ સૂત્રો પાઠવનાર વીર તરીકે વંદે છે. કોઇએનાં ભીષ્મ વૈરાગ્ય અને આત્મસંયમ ઉપર આફરીન છે, તો કોઇએ સંસારિયાંઓના સ્નેહીના નામ ઉપર પોતાનું સર્વસ્વ અર્પણ કરવા આતુર છે.

શ્રી કૃષ્ણચંદ્રે પ્રાતઃસ્મરણીય પવિત્ર ભગવદ્ ગીતા જગતને ભેટ આપી, તો ગૌતમ શાક્ય મુનિએ ગીતાના અચલ સિદ્ધાંતોને પોતાના જીવનમાં વણીદઇને ઓત પ્રોત કરીને તેને ચિરંજીવ બનાવી ગીતાની પવિત્ર હૃદય હારક, સંગીતમય, મધુર વાણીએ જગતને સંદેશો આપ્યો કે "જે સંસારનાં અસંખ્ય બંધનો તોડી શકે છે, જે નિષ્કામ કર્મ કરી શકે છે, જે માયાની મોહ જાળમાંથી પોતાને બચાવી શકે છે, જે બ્રહ્મને પિછાણી શકે છે, જે સર્વમાં પોતાનો આત્મા જોઇ શકે છે, તેને મોક્ષ કે નિર્વાણ હસ્તામલકવત્ છે, પછી ભલે તે પુરૂષ હો કે સ્ત્રી હો વૃદ્ધ હોકે બાલ; હો, બ્રાહ્મણ હો કે

શૂદ્ર હો, દેવ હો કે માનવી હો, દુનિયાને પાઠવેલો આ ચિર સ્મરણીય સંદેશો જાણે કે શ્રીકૃષ્ણ પોતે જીવીને જીવંત કરવા ઇચ્છતા ન હોય તેમ બુદ્ધ ભગવાનની પરમ વિભૂતિમાં આપણને ફરીથી દર્શન આપે છે. અને તદનુસાર વિશ્વને ઉદ્ધારવા આયોગીન્દ્ર રાજ્યનો વૈભવનો, સંપત્તિનો, સ્નેહાળ માતા પિતાનો, પ્રિયપુત્રનો જીવનની સહચરી પ્રિયતમાનો ત્યાગ કરે છેઃ અને દરેક મનુષ્યમાં રે! દરેક પ્રાણીમાં ગૂઢ રહેલા પોતાના આત્માને શોધી કહાડવા ભગવાં અને વિયોગ સ્વીકારી રંકોને, દુષ્ટોને, શૂદ્રોને, જુગારાઓને, વ્યભિચારીઓને, પતિતોને, પ્રેમથી ભેટી પાવન કરે છે, અને ગીતાનો ફલિતાર્થ અમર કરે છે.

સંસારીઓની અગણિત નિર્બળતાઓ ઉપર આટલો વિજય મેળવ્યા પછી સકલ પ્રાણી માત્રની નિર્બળતાઓને અહંતા અને તિરસ્કારથી જોવાને બદલે અપૂર્વ ઔદાર્યથી તેઓને વ્હારે ધાવામાં પોતાના પ્રાણ પાથરનાર આ મહારથીને આખી પૃથ્વી પુજે તેમાં નવાઇ શી? પુર્વની સંસ્કૃતિ તરફ બે દરકાર રહેલું પશ્ચિમ પણ આ મહાત્મા તરફ આકર્ષાય તેમાં આશ્ચર્ય શું? અને પચાસ કરોડ માનવીઓ એ મહાનુભાવને પોતાના તારણ હાર ઇશ્વર તરીકે માને તેમાં વધારે પડતુ શું? આશા છે કે આટલા નિવેદન પછી આ મહાન વ્યક્તિની જીવનલીલા આપણી રંગ ભૂમિ ઉપર ઉતારવાની સાર્થકતા કે જરૂર પ્રેક્ષકને બતાવવી નહિ પડે.

આજથી ત્રણેક વર્ષ પહેલાં ઇંગ્લાંડમાં કેટલીક બંગાલી સન્નારીઓ અને કેટલાક અંગ્રેજ એકટરો આદિની એક એમેચ્યુર કંપનીએ અંગ્રેજી ભાષામાં બુદ્ધનું નાટક ભજવ્યું હતું, તે વખતે તે જોવાનો લાભ મને મળ્યો હતો, અને ત્યારેજ બુદ્ધની રસ પૂર્ણ અને બોધપ્રદ

જીવન કથાને આપણી ગુજરાતી રંગભૂમિ ઉપર ઉતારવાની પ્રબલ ઇચ્છા મને થઇ આવી હતી, ત્યાર બાદ એ ઇચ્છાથી દોરવાઇને કે ગમે તે કારણથી બુદ્ધના જીવનનો અને બુદ્ધ ધર્મના તાત્વિક રહસ્યનો અભ્યાસ કરવાના મ્હને પ્રસંગો પ્રાપ્ત થતા ગયા. અને પરિણામે મ્હારી પ્રથમ ઇચ્છા બલવત્તર થઇ. છેવટે " શ્રી આર્ય હર્ષદ નાટ્ય સમાજ" ના ઉત્સાહી અને સાહિત્ય રસિક એક માલેક રા. મોતીરામ બહેચર નંદવાણા સાથે મુંબાઇમાં આ સંબંધી વાતચીત કરવાનો યોગ પ્રાપ્ત થયો રા. મોતીરામે મ્હારી યોજનાને બહુજ ઉત્સાહ અને આનંદ પૂર્વક ઉપાડી લીધી અને ગુર્જર સાહિત્યમાં આ નહાનો ઉમેરો કરવાની મ્હને તક આપી, આપણા સાહિત્યમાં આ નમ્ર ઉમેરો ઇષ્ટ છે કે અનિષ્ટ તેની તુલના રા. મોતીરામ કે હું પોતે કરૂં તે કરતાં પ્રેક્ષકના અધિકારની વાત પ્રેક્ષકનેજ સોંપવી વધારે યોગ્ય છે.

આપણી ગુર્જરગિરામાં ભગવાન બુદ્ધના જીવન સંબંધી ઘણું થોડું લખાયું છે એ શોચનીય હકીકતનું સ્મરણ આ સ્થળે થયા વિના રહેતું નથી. પાલી ભાષામાં બુદ્ધ સંબંધી જે અનેક લેખો છે તેમાંના કેટલાક ઉપયોગી લેખોનાં ભાષાંતર અંગ્રેજી ભાષામાં થઇ ચૂકયાં છે, છતાં ગુજરાતી ભાષામાં એ ખોટ કયારે પૂરવામાં આવશે તે કલ્પી શકાતું નથી. આથી કરીને પાલી ભાષાના જ્ઞાનના અભાવે બુદ્ધના જીવન સંબંધી વિશેષ આધાર અંગ્રેજી પુસ્તકો ઉપર રાખ્યાવિના ચાલે તેમ નથી, એટલુંજ નહીં પણ જે થોડું બુદ્ધ સંબંધી ગુજરાતી ભાષામાં લખાયું છે તે મૂળ પાલી ભાષાના પુસ્તકો કરતાં અંગ્રેજી પુસ્તકોના આધારે વિશેષ લખાયું હોય એમ જણાય છે, આ નાટકનું વસ્તુ મેળવવામાં પણ લેખકને અંગ્રેજી પુસ્તકો, ભાષણો, ચોપા-

નિયાં, ભાષાંતરો, આદિનો ઉપયોગ કરવો પડયો છે, આ સર્વ સાહિત્યમાંથી તારવીને બુદ્ધના જીવનની રૂપ રેખા અને તેના ધર્મના સિદ્ધાંતો, જેમ બને તેમ ઐતિહાસિક સત્ય અખંડ રાખીને, આલેખવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે.

બુદ્ધના ઇતિહાસમાં પ્રસિદ્ધિને પામેલ કોઇ પણ ઉપયોગી પાત્ર, કે કોઇ પણ ઉપયોગી પ્રસંગ, કે કોઇ પણ ઉપયોગી સ્થળ, આ ટૂંકા પ્રયોગમાં રહી ન જાય, અને છતાં એ સર્વની સંકલના અસ્વભાવિક કે કલાને કલંકિત કરનારી ન જણાય તેમ બનતી સંભાળ રાખવામાં આવી છે. તેમજ બુદ્ધના સમયમાં ઝાંખાં ઝાંખાં દેખાતાં અનેક ઉપપાત્રોનો અને કેટલાક કાલ્પનિક પાત્રોનો ઉપયોગ નાટકના વસ્તુ વિકાસ અર્થે તેમજ એ સમયના જન સમાજની સ્થિતિ ચીતરવા અર્થે કર્યો છે, પરંતુ તે સર્વ પાત્રો મૂલ વસ્તુ તેમજ ઇતિહાસ સાથે એક રંગ બની જાય એટલી સભાળ રાખી છે. આ સ્થળે આપણાં ગુજરાતી સાહિત્યના જાણીતા અવલોકનકાર શ્રીયુત રણજીતરામ વાવાભાઇ બી. એ. નો આભાર આનવાની તક મ્હારે જવા દેવી ન જોઇએ. આ નાટક માટે મ્હને જોઇતાં કેટલાંક પુસ્તકો મેળવી આપીને અને કેટલીક ઉપયોગી સૂચનાઓ કરીને એમણે મ્હને કિંમતી મદદ આપી છે.

હાસ્યરસ માટે મૂળ વસ્તુ અને બુદ્ધના સમય સાથે તદ્દન સંબંધ વિનાના નવા કૃત્રિમ પ્રસંગો યોજવાને બદલે સ્વાભાવિકતા જાળવીને, નાટકના અંગમાંજ આવી જનારાં પ્રસંગો ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે.

આ પ્રસંગે મ્હારે મ્હારા જ્યેષ્ઠબંધુ ડાકટર કાલિદાસ ભ. વિભાકર તરફથી મને મળેલી મદદની નોંધ લેવાની લાગણીને ઉપકારના ભારથી દાબી રાખવી ન જોઇએ. એમણે આ નાટકનો લગભગ દરેક

પ્રવેશ તપાસ સુધારી પોતાની તીવ્ર અવલોકનશક્તિનો મ્હને લાભ આપ્યો છે, એટલુંજ નહિ પરંતુ જ્યાં જ્યાં હૃદયને અસર કરે તેવા, મર્મભેદક, કરૂણામય પ્રસંગો ચીતરવાનો પ્રયત્ન થયો છે. ત્યાં ત્યાં. લાગણી એમનું ખાસ ક્ષેત્ર હોઇને, એમની અસરકારક દ્રષ્ટિની મ્હને અમૂલ્ય મદદ મળી છે.

બુદ્ધના ઉપદેશોમાં જગતની અમર આશા સમાએલી છે, તે વડેજ વિશ્વ વ્યાપક પ્રેમ અને બંધુ ભાવની શક્યતા સ્વીકારાયેલી છે, અને તેનેજ મનુષ્યના નિર્બાધ સ્વાતંત્ર્યની જય ઘોષણા આભારી છે ધર્મો; જૂલ્મ, ક્રુરતા, દુષ્ટતા, કે સ્પર્ધાના ભયંકર વાતાવરણમાંથી આખા જગત્માં કોઇપણ ધર્મ તદ્દન મુક્ત રહ્યો હોય તો તે ભગવાન્ બુદ્ધનો ધર્મ હતો, અને છે. પરંતુ બુદ્ધ ધર્મના સર્વ મહાન્ સિદ્ધાંતોની સંપૂર્ણ ચર્ચા રંગભૂમિ ઉપર શક્ય નથી. અને તેથી ધર્મની તેમજ તત્વજ્ઞાનની દૃષ્ટિથી કેટલીક ઉપયોગી બાબતોનો સમાવેશ આ કથાના ક્ષેત્રમાં કરી શકાયો નથી. તેથી આ અપૂર્વ જીવનનું કે તેના મહાન્ ધર્મનું યથાર્થ દિગ્દર્શન કરાવવા આ નાટય-કૃતિ કોઇ રીતે સમર્થ છે એવો દાવો ઘડીભર પણ મ્હારાથી થઇ શકે તેમ નથી. તદપિ જો પ્રેક્ષકોને આ પૂજ્ય નરવરના પ્રતાપી ચારિત્ર્યની, તેના મંગલમય જીવન પ્રવાહની, અને એ જીવન પ્રવાહથી પુનિત થયેલા થોડા પણ પ્રસંગોની યત્કિંચિત પણ ઝાંખી કરાવવામાં લેખક સફલ થશે તો તે પોતાને સર્વથા કૃત કૃત્ય માનશે, અને આશા છે કે તો આ નાટય સમાજના સાહિત્યપ્રિય માલેક પણ પોતે ઉઠાવેલા શ્રમનો બદલો પૂરતો મળી ગયેલો સમજશે. લે.

નૃસિંહદાસ. ભ. વિભાકર.

સિદ્ધાર્થ બુધ્ધ.

નાટકની રૂપરેખા અને પ્રવેશવાર ટુંકી " હકીકત "

અંક ૧ લો.

પ્રવેશ ૧— સ્થળ સિદ્ધાર્થ કુમારનું વિશ્રામવન.

આજે કપિલ વસ્તુના નરેશ શુદ્ધોદનની આજ્ઞાથી તેના વૈરાગ્ય પ્રિય પુત્ર સિદ્ધાર્થ કુમારને રીઝવવા અને રસિક વાતા વરણથી તેને સંસાર તરફ દોરી જવાના હેતુથી વિશ્રામ વનમાં ઉત્સવ રચાયો છે. સિદ્ધાર્થ કુમારના હાથથી કપિલ વસ્તુની લાવણ્યમયી, રૂપવતી કુમારીઓને મણિ કાંચનથી ભરેલાં સુવર્ણ પાત્રો ભેટ આપવાનાં છે વિશ્રામવનના ઉધાન મંડપમાં બાળાઓ આવી પહોંચી છે. અને કુદરતી લીલાનો મધુરો અનુભવ સંગીતમાં ઉતારી રહી છે ત્યાં રંગ ભૂમિનો પડદો ઉપડે છે. ગીત જામી રહ્યું છે. ત્યાં રાજા શુદ્ધોદન અને તેનો અમાત્ય સિદ્ધાર્થ કુમાર માટે રચેલા નવીન પ્રયોગ સબંધીજ વાર્તાલાપ કરતા આવી પહોંચે છે શરમાએલી બાળાઓ ઉદ્યાનના બીજા ભાગમાં ન્હાસી જાય છે. રાજા અને અમાત્યની વાત ચીત દરમિઆન અસિત ઋષિ આવે છે અને સિદ્ધાર્થ માટે ભવિષ્ય ભાખી જાય છે. કે કુમાર પૃથ્વીનાં સર્વ રાજ્યોનો ચક્રવર્તી થશે. અથવાતો વિશ્વના પ્રાણી માત્રનો ચકવર્તી થશે,

અસિત ઋષિની ભવિષ્ય વાણીથી ક્ષુબ્ધ થએલો રાજા ઉધાનમાંથી ચાલ્યો જાય છે. તુરતજ રસનો ભંડાર મધુરતાનો અવતાર

રાજ્ય પુરોહિત આ ઉત્સવમાં સર્વ રમણીઓનું સ્વાગત કરવા પ્રવેશે છે વૈરાગ્યમાં તન્મય બનેલો પ્રતાપી સિદ્ધાર્થ કુમાર સારથિ સાથે મંડપમાં આવે છે. પોતાને આ મોજ શોખમાં મજા પડતી નથી. એમ સારથિને કરૂણામય શબ્દોમાં કહે છે. અને પોતાના હૃદયનું પ્રથમ પડ ઉખેડી તેના ઊંડાણનું ભાન કરાવે છે. માતા પિતાને સંતોષ આપવાની ખાતર પાત્રોની ભેટ સર્વ કુમારીઓને ઉદાસીન મનથી આ ઉદારાત્મા આપે છે છેલ્લી કુમારી યશોધરા આવે છે તેને માટે એક પાત્ર ઘટે છે પૂર્વ જન્મના સંસ્કારો જાગૃત થાય છે. ઉભયનાં નયનોનું મિલન થાય છે. પાત્રને બદલે કુમાર પોતાનો મણિનો હાર યશોધરાને પહેરાવે છે પ્રેમથી ભાન ભૂલી ગયેલી સુંદરી હરિણીની માફક ચાલી જાય છે કુમારના હૃદયમાં અનેરી વીજળીનો અનુભવ થાય છે પોતે કુમારીના પાછળ જવા જાય છે. પણ પોતાની માલિકી ખોઇ બેઠેલો કુમાર સ્તબ્ધ થઇ જાય છે.

" ટેબ્લો "

પ્રવેશ ૨—સ્થળ કપિલ વસ્તુમાં ધનાઢય નગર શેઠ અનાથ પિંડિકનું ગૃહ

આ ઉદારાત્મા પાસે કપિલ વસ્તુનો પટેલ રોહિલ મુખી પોતાના દુઃખો રડવાને આવે છે. જાગીરદાર દેવદત્તનાં જુલમથી ખેડુત વર્ગને બચાવવાનું અનાથ પિંડિક વચન આપે છે. રોહિલ મુખી જાય છે. ત્યાંજ દેવદત્ત આવે છે. દેવદત્ત અને અનાથ પિંડિક વચ્ચે ચકમક

પ્રવેશ—૩. સ્થળ કોલિનગરમાં રાજા દંડ પાણિની પુત્રી યશોધરાનું વિહારસ્થાન.

આજે યશોધરાનો જન્મ દિવસ છે. યશોધરાની સખીઓ આનંદમાં ભાગ લેવા આવી છે. યશોધરાતો માત્ર હારના બદલામાં હૈયું હારી આવવાના રસિક વિચારોમાંજ ગરકાવ છે. છેવટે જન્મ દિવસની ખુશાલીમાં વસંતની લીલાના વર્ણનનો ગરબો ગવાય છે. સિદ્ધાર્થનું યશોધરા તરફ આકર્ષણ જાણીને. રાજા શુદ્ધોદને પોતાના પુત્ર માટે યશોધરાનું માગું કરવા મોકલેલ પુરોહિત આ ગરબાના રંગમાંજ આવી પહોંચે છે. સિદ્ધાર્થ કુમારના વિરત્વની કસોટી કર્યા પછી પોતાની પુત્રી આપવાને દંડપાણિ કબુલ થાય છે. અને વીરમંડપ તરફ જવાની તૈયારી કરે છે. પાછળથી યશોધરા સાથે સખી નલિનીની પ્રેમ ચેષ્ટા.

પ્રવેશ—૪ સ્થળ કપિલ વસ્તુમાં સંથાગાર.

આસ્થળે કોઈપણ ધર્મના અનુયાયીને પોતાના ધર્મનો ઉપદેશ કરવાની છૂટ છે. અહિં ક્રિયાકાંડ અને બ્રાહ્મણ ધર્મના બાહ્ય ફોતશાના ઉપાસક અને તામસિક પ્રકૃતિના પંડિત પોતાની કથાનું ગાડું શ્રદ્ધાળુ શ્રોતાજનો પાસે ગબડાવે છે. ત્યાં સાત્વિક વૃતિના ઉપાસિ ઉજમના આવવાથી પંડિતજીના રંગમાં ભંગ પડે છે. વામમાર્ગી વામ પ્રસાદનો હાસ્ય વિનોદ અને તેના પુત્ર રમણ અને પંડિતની પુત્રી મધુરી વચ્ચે પ્રેમ બંધનું પ્રથમ દર્શન.

પ્રવેશ—૫. સ્થળ કપિલ વસ્તુ શહેરની બહાર વીરમંડપ.

આજે આ મંડપમાં સિદ્ધાર્થ કુમારના વીરત્વની કસોટી થનાર છે. વીર મંડપના તંબુ પાસ સરોવર તીરે હંસ જળ પાન કરે છે.

સિદ્ધાર્થ કુમાર હંસ ઉપર પ્રેમથી જોઇ રહેલ છે. ત્યાં દૂરથી દેવદત્તનું તીર હંસને ઘાયલ કરે છે. હંસ પાંખ ફફડાવતું તમ્મર ખાઇ જમીન ઉપર પડે છે. દયાળીનો સિદ્ધાર્થ તેને પ્રેમથી ઉંચકી પોતાની ગોદમાં લીએ છે. દેવદત્ત પોતાના શિકારને છૂટો કરવા કુમારને કહે છે. દયાર્દ્ર સિદ્ધાર્થ કાલાવાલા કરી ના પાડે છે. દેવદત્ત બળાત્કાર કરવા જાય છે, ત્યાં રાજા શુદ્ધોદન-અમાત્ય. અસિત ઋષિ અનાથ પિંડિક તથા બીજા રજપૂત કુમારો વિગેરે આવી પહોંચે છે, "હંસ ઉપર હક્ક કોનો ? મારનારનો કે બચાવનારનો ?" આ પ્રશ્ન ઉપર રાજા પાસે ન્યાયની ભિક્ષા કુમાર માગે છે. છેવટે અસિત ઋષિ મારનાર કરતાં બચાવનારનો હક્ક શ્રેષ્ઠ ગણી સિદ્ધાર્થ કુમારને હંસ સ્વાધીન કરાવે છે ત્યાં દંડપાણિ, યશોધરા તેની સખીઓ વિગેરે આવી પહોચે છે. સિદ્ધાર્થ કુમારના વીરત્વની ત્રણ કસોટી બીજા રજપૂત કુમારોની હરીફાઇમાં કરવામાં આવે છે. મૃદુ હૃદયના બાલકુમારનું વીરત્વ જોઈ સર્વ ચકિત થાય છે. દંડપાણિ પ્રસન્ન થાય છે. યશોધરા પોતાના હૃદયેશ્વરને વરમાળા આરોપે છે.

પ્રવેશ—૬. સ્થળ પંડિતજીના મકાન પાસેનો રસ્તો.

સંકેત પ્રમાણે પંડિતની છોકરી મધુરી છાની માની ઘરમાંથી બ્હાર નીકળી પોતાના વ્હાલા રમણને મળે છે. પંડિતજી ઘરની બ્હાર નીકળે છે ત્યાં આ વામ માર્ગીના પુત્રને જોઇ પંડિતજીના ક્રોધની ડિગ્રી ચ્હડી જાય છે. ચાલાક રમણ પંડિતને શાંત પાડે છે. અને પંડિતની ઊંડી અક્કલનો ઉપયોગ કરી પોતે બ્રાહ્મણ ધર્મ સ્વીકારવાનું વચન આપી મધુરીની માંગણી કરે છે. રમણ અને મધુરી આનંદથી જૂદાં પડે છે. આજે ઓછામાં ઓછા બે મનુષ્યોને બ્રાહ્મણ

ધર્મના માર્ગ ઉપર ચ્હડાવવાની પ્રતીજ્ઞા લઇ બેઠેલા પંડિતજી રસ્તા ઉપર કોઇ નાસ્તિકની રાહ જોઇ ઉભા છે. ત્યાં વામપ્રસાદ પોતેજ રસ્તા ઉપરથી પસાર થાય છે. વામમાર્ગી અને પંડિત મહાત્માનો વિનોદ ભર્યો સંવાદ છેવટે શાસ્ત્રાર્થ કરવાનો નિશ્ચય–ત્યાં પુરોહિત અચાનક આવી જતાં દક્ષિણાંની લાલચે શાસ્ત્રાર્થમાં પ્રમુખ સ્થાન સ્વીકારવાની તે હા પાડે છે.

પ્રવેશ—૭. સ્થળ રાજા શુધ્ધોદન ના મહેલનો એક ભાગ.

સિદ્ધાર્થ કુમારના લગ્નને લીધે હર્ષથી ઉભરાતો રાજા અમાત્ય પાસે પોતાનું હૃદય ખાલી કરે છે. લગ્ન બંધનથી બંધાયેલ છતાં વૈરાગ્ય તરફ ઢળેલા કુમારની વિશેષ સંભાળ રાખવાની સાવચેતી અમાત્યને આપે છે. વિશ્રામ વનમાં આનંદ. અને શૃંગારનુંજ વાતાવરણ ફેલાવવાને અને કુમારના મહેલ ઉપર ચાંપતો ચોકી પહેરો રાખવાને પુત્ર વત્સલ પિતા આજ્ઞા કરે છે.

પ્રવેશ—૮ સ્થળ વિશ્રામવનમાં સિદ્ધાર્થનું શયન ગૃહ.

શાંતિ સિદ્ધાર્થ નિદ્રાધીન થયો છે યશોધરા મધુરૂં સ્નેહ ગીત ગાઇ રહી છે. અને ગાતાં ગાતાં પોતે પણ નિદ્રાવશ થાય છે. ત્યાં સ્વપ્નમાં જાણે કે જગતનો સંદેશો સાંભળી તેને વ્હારે ધાવાનું વચન ન આપતો હોય તેમ સિદ્ધાર્થના મુખમાંથી હૃદય દ્રાવક શબ્દો સરી પડે છે. શબ્દનો ભણકારો સાંભળી યશોધરા બે બાકળી જાગી ઉઠે છે. પરંતુ શયન ગૃહ તદ્દન શાંત જોઇને સાંભળેલા શબ્દો. નબળા મનના પડઘામાની પાછી નિંદ્રામાં પડે છે. પુનઃ શાંતિ પ્રસરે છે, અને પુનઃ સિદ્ધાર્થના મુખમાંથી એવોજ શબ્દ ધ્વનિ સભળાય છે.

ભયભીત થયેલ યશોધરા પાછી જાગૃત થાય છે. અને આ વખત એ ભયંકર શબ્દો સિદ્ધાર્થના મુખમાંથીજ નીકળતાં નજરો નજર જુવે છે. કરૂણા લાપ કરતી. સ્નેહાળ પત્ની પોતાના પ્રિયતમને જગાડે છે, અને આ ભયંકર શબ્દોનો મર્મ પૂછે છે, સિદ્ધાર્થ પોતાની પ્રિય તમાને સાંત્વન કરે છે. વિશ્રામ વનની વારંગના મધુ પ્રભાની સંગીત કલાથી યશોધરા નિદ્રાવશ થાય છે. સિદ્ધાર્થ પણ જાણે સંગીત દ્વારા કંઇક અલૌકિકજ સંદેશો સાંભળતો ન હોય તેમ અર્ધ સ્વપ્નવસ્થામાં પડે છે. સંગીત બંધ થાય છે. સંગીત દ્વારા અનેરો સંદેશો મળ્યો હોય. તેમ સિદ્ધાર્થ ક્ષુબ્ધ હ્રદયની લાગણી ખાલી કરે છે. અને પહેલીજ તકે વિશ્વનું દુઃખ દૂર કરવા સંસારને તજી જવાનો નિશ્ચય કરે છે. ઉશ્કેરાયલી લાગણીથી નીકળતા શબ્દો નિંદ્રાવશ પત્નીના કાને અથડાય છે. " ઓ નાથ ? ઓ નાથ તમારી સાથે આવું છું," એવી કારમી ચીસપાડી યશોધરા જાગી જાય છે. અને જાણે કે પોતાના પ્રાણાધાર ખરેખર ત્યાગ કરી જતા હોય તેમ પોતાને સાથે લઇ જવા કરૂણામય યાચના કરતી પત્ની પતિને કંઠે વળગી પડે છે.

" ટબ્લો "

અંક ૨. જો.

પ્રવેશ ૧— સ્થળ કપિલ વસ્તુનું દેવમંદિર.

કપિલ વસ્તુના નગરવાસીઓ દેવમંદિરમાં આરતિ ગાઇ રહ્યા છે. રાજા શુધ્ધોદન પણ દર્શનાથે આવેલા છે. સિદ્ધાર્થ કુમારને નગર જોવાની ઇચ્છા થવાથી સારથિ રાજા પાસે રજા માગવા

આવ્યો છે. શુદ્ધોદન રજા આપે છે. અને અમાત્યને રસ્તાઓ સાફ સુદ્ધ કરી શણગારવાની. અને કોઇ પણ જીવને શોક ઉપજાવનારો દેખાવ રસ્તા ઉપર જોવામાં આવે તેના સાવચેતી રાખવાની અમાત્યને આજ્ઞા કરે છે.

અનાથ પિંડિકની પુત્રી કૃશા દર્શન કરી જાય છે. ત્યાં પાછળથી તેના પ્રેમનો પિપાસુ સુરેશ તેને પકડે છે. ઉભય પ્રેમીઓનો પ્રેમ વિનોદ થઇ રહ્યો છે. ત્યાં "દેવમંદિરમાં પણ એકાંત વાસ" ની ગર્જના કરતો: દેવદત્ત પ્રવેશ કરે છે. ગભરાયેલી કૃશા શરમાઇને ન્હાસી જાય છે. અનાથ પિંડિકથી છંછેડાયેલો દેવદત્ત પોતે સુરેશ ઉપર કરેલા અગણિત ઉપકારોના બદલામાં કૃશા સાથેનું સગપણ તોડી નાંખવાનું સુરેશ પાસેથી વચન માગે છે. કૃશા માટે પ્રાણ અર્પનારો સુરેશ દેવદત્તના ઋણમાંથી મુક્ત થવાને ભગ્ન હૃદયે સગપણ તોડી નાખવાની હા પાડે છે.

પ્રવેશ ૨— સ્થળ કપિલ વસ્તુનો શાહ રસ્તો.

સિદ્ધાર્થ કુમાર નગર જોવા નીકળનાર હોવાથી નગરમાં આનંદ થઇ રહ્યો છે. કુમાર આ આવ જોઇ ખુશ ખુશ થાય છે પરંતુ પાછળથી વૃદ્ધ રોગી શબ અને સન્યાસીના ભયંકર દેખાવો જોઇ તેનું હૃદય ઘાયલ થાય છે. સારથિ પાસેથી મળેલા ખુલાસાઓ જાણીને તેને પોતાના જીવનમાં અપૂર્વ અનુભવ મળે છે, અને અંતરમાં વૈરાગ્યનો ધુનિ પાછો સળગી ઉઠે છે.

પ્રવેસ ૩— સ્થળ પંડિતનું ઘર.

પંડિતજી શાસ્ત્રાર્થ કરવા માટે પ્રયાણ કરવાની તૈયારીમાં છે.

ત્યાં વામ પ્રસાદ આવી પહોંચે છે. સંધ્યા ગાયત્રી કર્યા પહેલાં આ ચાંડાલના દર્શન થવાથી પંડિતજીના પ્રાયશ્ચિતનો અધ્યાય શરૂ થાય છે શાસ્ત્રાર્થ કરવાની પોતાની અશક્તિ વામ પ્રસાદ બતાવે છે. તેમ તેમ પંડિતજીનો પવન વધતો જાય છે. એટલામાં મધુરીએ ઘરના દેવમંદિરમાં છુપાવેલો રમણ બ્હાર આવે છે. ત્યાં પંડિતજી ઠંડાગાર છતાં અગ્નિના અંગાર જેવા થઇ જાય છે. પંડિતજીના મુખમાંથી પોતની પુત્રી ઉપર એક પછી એક ભયંકર શાપ નીકળે છે. પોતાનું ન પોતાની પુત્રી વિગેરેનો આ ચાંડાલોના ઘરમાં વાસ થવાનો શાપ આપી પંડિત રોહિણીને કિનારે પ્રાયશ્ચિત લેવા જાય છે. છેવટે રમણ અને મધુરીનો આનંદ.

પ્રવેશ ૪— સ્થળ જેતવનમાં લગ્ન મંડપ.

આજે કૃશાના લગ્ન માટે અનાથ પિંડિકને ત્યાં ધામ ધૂમ થઇ રહી છે. પરંતુ સુરેશાનંદની જાન આવતી જ નથી. અનાથ પિંડિક અધીરો બને છે. ત્યાં ખેપિયો સુરેશનો પત્ર લઇ આવે છે. પત્રમાં દેવદત્તના સંકેત પ્રમાણે વેવિશાળ તોડી નાંખવાના ક્રુર સમાચાર મળે છે. અનાથ પિંડિક અને કૃશા આ અચાનક કારીઘાથી મુર્છિત થાય છે.

પ્રવેશ ૫— સ્થળ રાજા શુધ્ધોદનનો મહેલ

નગરમાં જોયેલા દેખાવોથી સંસાર ત્યાગ કરવાના નિશ્ચય ઉપર આવેલો કુમાર માતા પિતાની આજ્ઞા લેવા આવે છે. પ્રેમાળ માતા પિતા કુમારને અનેક રીતે સમજાવે છે. સિદ્ધાર્થ પોતાનો નિશ્ચય અડગ રાખે છે. છેવટે લાચાર થયેલો પિતા ગદ્ગદ્ કંઠે પુત્રને પગે પડે છે. અને સંસાર ત્યાગ નહિ કરવાની પુત્ર પાસે ભિક્ષા માગે છે. નિરાશ થયેલો સિદ્ધાર્થ પાછો જાય છે.

પ્રવેશ ૬— સ્થળ પ્રમોદ ભવનમાં યશોધરાનું શયન ગૃહ

યશોધરા પોતાના પુત્ર રાહુલ કુમારને ગોદમાં લઇ નિદ્રા વશ થયેલી છે. સિદ્ધાર્થ કુમાર હૃદયના ઉંડાણની લાગણીઓ બતાવતો પ્રવેશ કરે છે. એટલામાં ભયંકર સ્વપ્ન અનુભવતી યશોધરા જાગી ઉઠે છે. અને પોતે અનુભવેલું દુઃખદાયક સ્વપ્ન સિદ્ધાર્થને સંભળાવે છે. કુમાર આશ્વાસન આપે છે. છેવટે થાકેલી બાળા પોતાના વ્હાલામાં અચળ વિશ્વાસ રાખી નિદ્રા વશ થાય છે. મધ્ય રાત્રિ પસાર થઈ છે. સર્વત્ર શાંતિ પથરાયેલી છે. આક્ષણે સિદ્ધાર્થ કુમારને હૃદયનો ક્ષોભ વધવા માંડે છે. જે તક માટે પોતે વલખાં મારતો હતો તે તક આજે મળેલી જોઇ તેને હાથથી નહિ જવા દેવાનો નિશ્ચય કરે છે. છેવટે ક્ષુબ્ધ હૃદયથા દાસી નલિનીને બોલાવે છે. અને સારથિને બોલાવી લાવવા તેને આજ્ઞા કરે છે. શંકા શીલ થયેલી નલિની વધારે પ્રશ્નો પૂછવા જાય છે. પરંતુ કુમાર ગદ્‌ગદ્ કંઠે નલિનીને શાંત રહેવાની વિનંતિ કરે છે. દાસી પીગળી જાય છે. આજ્ઞા માથે ઉઠાવે છે સારાથ આવતાં કુમાર પોતાનો અશ્વ કંતક તૈયાર કરવાની આજ્ઞા આપે છે. સારાથ કુમારની આ માંગણીનો મમ સમજી જાય છે. અને યશોધરાને જગાડવા ધસે છે. પરંતુ આંસુ સાર તો ભિક્ષા માગતો સિદ્ધાર્થ કુમાર સારથિને પગે પડે છે અને આ મહાન ક્ષણે મદદની યાચના કરે છે. આ અપૂર્વ કરૂણાં લાપથી મ્હાત થયેલો સારથિ કુમારની ઇચ્છાને આધીન થાય છે અને કંતકને તૈયાર કરવા દૃપડે છે. કુમાર એકલો પડે છે. એક તરફથી વ્હાલાંઓનો પ્રેમ ખેંચી રાખે છે- તો બીજી તરફથીથા વિશ્વ પ્રતિનો ધર્મ બોલાવે છે. છેવટે આ મહાન બાલયોગી અશ્રુથી છવાયેલી આંખોને પ્રિયતમા

અને પુત્ર ઉપરથી બલાત્કારે ખેંચી લીએ છે. તૂટેલા હૃદયને વ્હાલાંઓથી જૂદું પાડે છે અને કપિલ વસ્તુનો મુકુટમણિ સંસારનો ત્યાગ કરી જાય છે. "ટેબ્લો"

પ્રવેશ ૭— સ્થળ અનોમાનદીનો કિનારો.

અરૂણોદય થવા આવ્યો છે. વૃક્ષોની ઘટામાં કોયલ અને મોરના ટહુકા સંભળાય છે. આસપાસના ગામડાંઓના દેવાલયોમાંથી નીકળતો શંખ ધ્વનિ અને ઘટનાદ પરોઢિયાના શાંત સ્વચ્છ વાતાવરણને ભેદી સરિતાના નિર્મલ જળ કણો સાથે અને સરિતાને તીરે જલ સ્નાન કરવા આવેલા શ્રમણોના કર્ણપલ્લવ સાથે અથડાય છે. સરિતાને તીરે સ્નાનાદિક કર્મથી પરવારી શ્રમણો પ્રભાતનું મંગલમય પ્રભાતિયું ગાતાં દૃષ્ટિએ પડે છે. શ્રમણોની જમાત ગયા બાદ સિદ્ધાર્થ કુમાર પોતાના અશ્વ કંતક ઉપર બેસી સારથિ સાથે આવી પહોંચે છે અહિં વફાદાર સારથિ અને પ્રેમાળ સ્વામીનો કરૂણાલાપ થાય છે. સારથિની મર્મ ભેદક વિનંતિ છતાં સંયમ શીલ કુમાર એકનો બે થતોજ નથી. છેવટે એક વાર કપિલ વસ્તુને પોતાના મોંઘા પગલાંથી પાવન કરવાનું કુમાર વચન આપે છે. અને પોતાની પ્રિયતમાને પ્રેમ અને કરૂણાથી ઉભરાઇ જતો સંદેશો સારથિ સાથે મોકલાવે છે. બંન્ને જણ રડતા હૃદયે જૂદાં પડે છે.

"ટેબ્લો"

અંક ૩ જો.

પ્રવેશ ૧—સ્થળ નિરંજના નદીના કિનારા પાસેનું અરણ્ય.

પડદો ઉપડતાં કષ્ટ મય તપથી કૃશ થઇ ગયેલા ગૌતમ શાક્ય મુનિ (સિદ્ધાર્થ) ને વનદેવતા જાણી પુત્ર પ્રાપ્તિ અર્થે પોતાની મા-નતા પૂર્ણ થયાના હર્ષમાં સુજાતા નામની ગોવાલણ પોતાની દાસી પૂર્ણા સાથે શાક્ય મુનિને પ્રેમથી ખીર ખવરાવતી જોવામાં આવે છે. સુરેશાનંદે ગૃહ ત્યાગ કરેલો હોવાથી તેની પાછળ દેવદત્તે ભેખ લીધો છે. જ્યારથી સિદ્ધાર્થ હંસ તેમજ વીરત્વની કસોટીમાં કીર્તિ અને યશોધરાને લઈ ગયો ત્યારથી તેનો શત્રુ થઇ બેઠેલો છે. અને ગૃહસ્થાશ્રમમાં જે વેર ન લઇ શકાયું. તે સન્યસ્તાશ્રમમાં લેવાને તૈયાર થયો છે. તેથી તે આજે ખીરખાવાનો દેખાવ ઉદ્રકમુનિના શિષ્યો અને સિદ્ધાર્થના મિત્રોને બતાવી તેઓને સિદ્ધાર્થની સામે ઉશ્કેરી રહ્યો છે. પરંતુ કુમારના ભીષ્મ તપની અને અંતર મંથનની આ છેલ્લી મંગલ મય તક હતી આ મંગલમય ઘડીએ સિદ્ધાર્થ કુમાર બુદ્ધત્વ પ્રાપ્ત કરે છે. અજ્ઞાનનાં વાદળાંઓ અળપાઇ જાય છે, અને જ્ઞાન, પ્રેમ. તથા દયાનો પ્રકાશ ભગવાનના મુખચંદ્ર ઉપર પ્રકાશી રહે છે, છેવટે તેના ઉપદેશથી મ્હાત થઇ ઉદ્રકના શિષ્યો બુદ્ધ ધર્મના પ્રથમ અનુયાયીઓ બને છે.

પ્રવેશ ૨— સ્થળ. અરણ્ય.

કૃશાસાથેનો સંબંધ તુટયા પછી નિરાશામાં ગરકાવ થયેલો. સુરેશ ગૃહ છોડી અરણ્યમાં ભટકે છે. આહં તેને બુદ્ધદેવનો સમાગમ થતાં તે બુદ્ધને ચરણે જાય છે, મગધ દેશનો રાજા બિંબિસાર રાજ-

ગૃહમાં યજ્ઞ કરતો હોવાથી એક ભરવાડ બકરા અને ઘેટાંઓને બલિ-દાન અર્થે લઇ જતો પસાર થાય છે. બુદ્ધ આ ભયંકર બલિદાન અટકાવવા એક થાકેલા ઘેટાને પોતાને ખાંધે લઇ તુરતજ રાજગૃહ તરફ રવાના થાય છે.

પ્રવેશ ૩—સ્થળ. રાજગૃહમાં રાજા બિંબિંસારનો યજ્ઞમંડપ.

રાજા બિંબિસારને ત્યાં યજ્ઞની ધામધુમ થઇ રહી છે. અને પ્રાણીઓનું બલિદાન આપવાની તૈયારી થાય છે, તેજ ક્ષણે ભગવાન બુદ્ધ આવી પહોંચે છે. રાજા બિંબિસારને "અહિંસા પરમો-ધર્મ." નું પરમ સત્યબુદ્ધ દેવ પાઠવે છે. બિંબિસાર બુદ્ધનો શિષ્ય બને છે. યજ્ઞમાં આવેલો ઇર્ષ્યાખોર દેવદત્તથી આ સહન થઇ શકતું નથી તેથી બિંબિસારને બુદ્ધનો શિષ્ય નહિ થવા દેવા અપમાન ભરેલા શબ્દો વાપરે છે. અનાથ પિંડિક વચમાં પડે છે, દેવદત્તનો ક્રોધ વધારે પ્રકાશે છે. બિંબિસાર ઉશ્કેરાય છે. બુદ્ધદેવ દેવદત્ત ઉપર બિંબિસારને શાંતિ ધારણ કરવા સમજાવે છે. આથી અગ્નિમાં ઘી હોમાય તેમ દેવદત્તનો ક્રોધ પરાકાષ્ઠાએ પહોંચે છે, અને એક ક્ષણમાંતો બુદ્ધ દેવને યજ્ઞ કુંડમાં અગ્નિની જવાળામાં ધક્કો મારે છે, તેજ ક્ષણે અગ્નિ આપોઆપ સમી જાય છે બુદ્ધ દેવના તેજસ્વી શરીરને જરાપણ આંચ આવતી નથી અને સર્વ સ્તબ્ધ થઇ જાય છે."

પ્રવેશ ૪— સ્થળ રાજગૃહના કિલ્લાની બહારનો રસ્તો.

યજ્ઞમાં પશુવધ અટકાવી ભગવાન બુદ્ધ વિચાર કરતા ચાલ્યા જાય છે એટલામાં યજ્ઞ માંથી પાછી ફરેલી કૃશા બુદ્ધને શરણે આવે છે. સુરેશ સાથેનો સંબંધ તૂટયા પછી સંસારથી કંટાળેલી કૃશા બુદ્ધ દેવ પાસે દિક્ષા માગે છે ત્યાં અનાથ પિંડિક આવી પહોંચે છે, દિક્ષા

નહિ દેવા અનાથ પિંડિક વિનવે છે પરંતુ સન્યાસ સ્વીકાર્યા પછી સંસારમાં મોહ રહેતો ફરીથી સંસારી થવું એવું વચન કૃશા પાસેથી લેછે એને કૃશાને દિક્ષા આપે છે. એ ઉપરથી અનાથ પિંડિક પોતે સન્યાસ લેવાની માંગણી કરે છે. પરંતુ તેના જેવા જનક વિદેહીઓને સન્યાસની ઉપાધિની જરૂર નથી. એમ કહી તેને સંસારના ધર્મ બજાવવાનો બુદ્ધદેવ ઉપદેશ કરે છે. બુદ્ધદેવના અનુગ્રહના બદલામાં પોતાનું જેતવન બુદ્ધને અર્પણ કરવાની અનાથ પિંડિક વિનંતિ કરે છે. બુદ્ધદેવ વિનતિ સ્વીકારે છે અનાથ પિંડિક અને કૃશા જુદાં પડે છે.

પ્રવેશ ૫—સ્થળ રાજગૃહના વેણું વનમાં બુદ્ધની પર્ણકુટી.

બુદ્ધ કૃશાને લઇને પર્ણકુટીમાં પ્રવેશ કરે છે. સુરેશ અને કૃશા એક બીજાને જોઇ ચમકે છે. કોશલ દેસનો લૂટારો અંગુલિ–ગુણિકા અંબપાલિ અને હજામ ઉપાલિ બુદ્ધની દિક્ષા લેવા આવેલાં છે, તેને ભગવાન દિક્ષા આપે છે. અને બુદ્ધને શરણે આવનાર શૂદ્ર કે બ્રાહ્મણ સ્ત્રી કે પુરૂષ લૂટારો કે શાહુકાર સજ્જન કે દુર્જન સર્વ પ્રેમને અને દયાને પાત્ર છે એમ મહામંત્ર બુદ્ધ પોતાના શિષ્યોને પાઠવે છે એવામાં પશ્ચાતાપ અને દુઃખથી પીડાતો દેવદત્ત બુદ્ધને શરણે આવેછે. દેવદત્ત ગળગળો થઇ બુદ્ધને પગે પડે છે. અને ક્ષમાનીયાચના કરેછે. બુદ્ધનું ઉદાર હૃદય દેવદત્તનો પ્રેમથી સત્કાર કરે છે. દેવદત્ત બુદ્ધનો શિષ્ય થાય છે. જેતવનથી અનાથ પિંડિકનું માણસ બુદ્ધને તેડવા આવતાં બુદ્ધ પોતાના સંઘ સાથે જેતવન તરફ રવાના થાય છે.

પ્રવેશ ૬— સ્થળ સંથાગારનો એક ભાગ.

બ્રાહ્મણો બુદ્ધને શરણે જતા હોવાથી પંડિતજી મહાખેદ બતા-

વતા પ્રવેશ કરે છે. એટલામાં પુરોહિત આવે છે અને પોતે બુદ્ધ ધર્મ સ્વીકાર્યો તેમાં શો મુદ્દો છે અને તેથી બ્રાહ્મણ ધર્મને કેટલો બધો લાભ છે તેનું રહસ્ય પંડિતજીને સમજાવે છે, તર્ક શાસ્ત્રના જ્ઞાતાને આ મુદ્દો બહુજ રૂચે છે, તેથી કંઇક ઠંડા થાય છે, ત્યાં વામ પ્રસાદ રમણ તથા મધુરી પ્રવેશ કરે છે. રમણ અને મધુરીએ પણ બુદ્ધ ધર્મ સ્વીકારેલો હોવાથી પંડિતજીનો ગુસ્સો પાછો ઉછળી આવે છે. પરંતુ પુરોહિતની યુક્તિથી પંડિત પાછા ઠેકાણે આવી જાય છે. અને છેવટે મધુરીનાં રમણ સાથે લગ્ન કરી આપવાની હા પાડી તૈયારી કરવા જાય છે, પાછળથી મધુરીનાં રિસામણાં અને મનામણાં.

પ્રવેશ ૭— સ્થળ જેતવન વિહાર.

નલિની અને સ્નેહલતા પોતાની પ્રિય સખી કૃશાની રાહ જોતી વાર્તાલાપ કરી રહી છે. એટલામાં બુદ્ધનો સંઘ આવી પહોંચે છે. અને ઉદાર ચરિત અનાથ પિંડિક જુની વાતો ભૂલીજઇ દેવદત્તનું આતિથ્ય કરે છે, દેવદત્ત ક્ષમાની યાચના કરે છે. બુદ્ધદેવ તથા સંઘના માણસો પાસેના જળાશયમાં, કાંઠા ઉપર આનંદ અને શાંત લહરીનો વિનોદ, જળાશયના જળકણોમાં બંને જણને કંઇક જાદુનો અનુભવ થાય છે. બુદ્ધ દેવ ઉભયની સ્થિતિ કળી જાય છે. અને જાદુ જળમાં નથી. પરંતુ એમની પુરાણી વાસનાઓમાં છે એમ કહી સંસારમાં પાછો પ્રવેશ કરવાનો ઉપદેશ આપે છે એટલામાં પુરોહિત તથા સારથી મહારાજા શુદ્ધોદન તરફથી સંદેશો લઇને આવે છે. બુદ્ધદેવ તરતજ કપિલ વસ્તુ તરફ પ્રયાણ કરવાનો નિશ્ચય કરે છે. અને કૃશા તથા સુરેશના કપીલવસ્તુમાં લગ્ન કરવાનું ચોકસ કરેછે.

પુરોહિત અને સારથી ગયાબાદ અનાથ પિંડિકને હાથે ભગવાન બુદ્ધને જેતવન અર્પણ કરવામાં આવે છે.

પ્રવેશ ૮— સ્થળ કપિલ વસ્તુના રાજમહેલનો એક ખંડ.

પોતાના પ્રિયતમની રાહ જોતી વિહ્વલ દશા અનુભવતી યશોધરા કંઇ કંઇ સ્વપ્નાઓ ઘડી રહી છે. ત્યાં ભગવાન બુદ્ધ આવી પહોંચે છે, પ્રેમ અને કરૂણાંથી ઉભરાઇ જતા હૃદયથી બંન્ને મળે છે. બુદ્ધ યશોધરા દેવીની ગદ્દગદ્દ કંઠે ક્ષમા માગે છે એટલામાં પુરોહિત આવે છે. અને માતા પિતા રાહ જોઇ બેઠા છે એમ બુદ્ધને સમાચાર આપે છે પુરોહિત જતાં જતાં એક પુરાણી શંકાનો ખુલાસો બુદ્ધ દેવ પાસે માગે છે. ભગવાન તેનો સંતુષ્ટ અને પ્રિય સંતોષકારક ખુલાસો કરે છે. માતા પિતા પુત્રને ભેટવા આતુર થયેલા બુદ્ધદેવ, યશોધરા સાથે રવાના થાય છે.

પ્રવેશ ૯— સ્થળ રાજા શુધ્ધોદનનું રાજ ભુવન.

સ્નેહાળ માતા ગૌતમી પોતાના વ્હાલા પુત્રને ભેટવા અધીરી થઇ રહી છે ત્યાં બુદ્ધ દેવ આવી પહોંચે છે વ્હાલાંઓનો પ્રેમ ભર્યો મેળાપ યશોધરાના હાથથી કૃશા અને સુરેશના લગ્નથી આ આનંદમાં અનેરી અભી વૃદ્ધિ.

"સિદ્ધાર્થ બુદ્ધ" નાં ગાયનો.

પ્રારંભ પ્રાર્થના.

પ્રથમ નમીએ ૐકાર
અનંત શકિત અતી ઉદાર
અખીલ શૃષ્ટી સુત્રધાર
ભજીએ તમને વારવાર
આશીષ દયો મતી પ્રકાશ
કરજો સર્વ દુરીત નાશ
બુદ્ધ ચરીત કથન આશ
પૂર્ણ થાવો તવ આધાર

કાપલ વસ્તુની કુમારીઓ— ૧

સંસાર સરવર ભરછક છલકાય, સંસાર૦
કુદરત જ્યોતિ તણા પ્રતિબિંબે મલકાય, „
વાસના અનલ વાય,
ઊર્મિઓ અનંત છય, હ્રુદમાંય „
સુખ દુઃખ પરપોટા શમાવી દે,
પ્રભુ પળમાંય. „

ઝપલ વરતુની કુમારીઓ— ૨

કુલથી કુમાર કુલને સખી વધાવો,
પરાગમાં પરાગ આ મિલાવો રે ૨) કુલથી.
સુધાના ધામને,
રસિક આરામને,
ચંદ્રસમાનને રીઝાવો;
સુરભિનિકેતન,
સુરસ ચેતન,
હૈયાના હેતે હિંચાવો રે. ,,
કુમકુમ દિન આ,
અણમોલી મીટ આ,
અનુપમ જીવનનો લ્હાવો રે.
ઉરના ઉમંગથી,
સ્નેહ સુગંધથી,
અંતરના રંગથી ભીંજાવો રે. ,,

સિદ્ધાર્થ— ૩

ગયાં ભેદાઇ મમ અંગે અંગ,
મનડું મૃદુ રે મ્હારૂં થયું અપંગ. ગયાં૦
ભેદ ન જાણ્યો ભોળા હૃદે એ ક્ષણનો,
ચમકી ચાલી કોઇ વીજ અધર જો !
મુગ્ધ બન્યો : પણ જાણ્યું ન જાદુ,
હતું લોહ ચુંબક અનંગ. ,,

અનાથ પિંડિક— ૪

સંસાર સત્ હો કે માયાવી સાગર,
દુઃખિયા જીવને છે દુઃખ રત્નાગર. સંસાર૦
માયાવી દુઃખ હો કે માયાની પેલી પાર,
તોયે મૃદુ હૃદય વિંધાયે આરપાર. „
દુઃખી એવું દિલ કો’ ન ચાહે કરૂણા ?
કોમલ દિલ કો એ દુઃખથી દુભાય ના? „
પારસમણિ સમ એ મૃદુ મનડું,
ખારો સાગર બને અમૃત ઝરણું. „

યશોધરા— ૫

હાં, સ્નેહની માલા, સુધાની ધારા
કંઠમાં પેરાવી સલુણે સ્મિતભરી,
એ સલુણે સ્મિત ભરી. હાં૦
નયનામૃતની અંજલિ છાંટી,
અંતરનું દીધું ભાન ભૂલાવી,
હાર સાટે હૈયું હારીને આવી,
ભોળી લૂટાઇ ગઈ. એ૦
જાદુગરે પ્રેમ જાદુ ચલાવી,
તાલાવેલી તન મન લગાવી,
પળમાંહિ પરવશ બનાવી,
આશ અધર રહી. એ૦

યશોધરા તથા તેની સખીઓ.—૬

સખી વસંતનો વિકાર,
નયનો નિહાળી ખુલે દિલકેરાં દ્વાર.
એ વિહારકેરી બહાર,
ઊંડા અંતરમાં રણુકાવે રણુકાર. સખી૦
બંસી બાજી રહી,
મયૂરી નાચી રહી;
કોયલ ટહુકી રહી,
ચંદા ચમકી રહી,
લીલાં સોનેરી લાલ પલ્લવો કુમાર. ,,
વ્હાલાંને વ્હાલાં મળ્યાં, વસંતે રસબોળ,
પ્રાણપ્રાણને ચૂમીને કરી રહ્યાં કલ્લોલ.
લીલા ટપકી રહી સખી,
અણુ અણુમાં રેલી રહી સખી,
મનડાંને ભીંજી રહી સખી,
હૃદહૃદમાં ગુંજી રહી સખી,
અંતર ભીતરમાં ચમકાવે ચમકાર. સખી૦

યશોધરા નલિની-- ૭

અલિ મૃદુ હાસિની, મિત ભાષિણી,
નવ થઇએ બહુ માનિની, બહુ માનિની. અલિ૦
પ્રિય બોલી, હે પ્રિય બોલી,

સુખ ફૂલ પાંખડી, ફૂલ પાંખડી,
જીવનવું વ્હાલી. રે. અલિ૦

કરશું અમ દિલમાં ફાવશે જે તે,
વદશું શું "પ્રિય" કહાવીને તમ ?
કર શું આમ અધીરૂં અંતર ?
"નાદાન" શું જાણે વિરહી અંતર !
બોલ બોલ તું વ્હાલી રસ ભર.
નાં નાં નાં. અલિ૦

ઉપાલિ અને બીજા ભક્તજન. ૮

હૃદયમાંહિ પારસમણિ મૂકી કાં ફોકટ ફાંફાં માર ?
રાજમુકુટ મસ્તકપર ધરીને, શીદ યાચે અધિકાર. હૃદ૦
માનસરોવર નીરસ માની, હંસ ઉડે કાસાર,
ભાન ભૂલ્યો નાદાન રસિકવર, મોતીનો ચરનાર. ,,
આંગણુ ઉગ્યું કલ્પતરૂ મન, સાધી લે સૌ સાર,
અંતરમાં નિરંતર પ્રભુનો વાસ ભમે કયાં બહાર ? ,,
"તે છે", "ત્યાં છે" એ ભ્રમણામાં હારીશમાં સંસાર,
"તે" છે તું, ને "ત્યાં" પણ તું છે તું તારો આધાર.,,

સ્નેહલતા, નલિની વિગેરે. ૯

લગન લખીયા ઉતાવળાં ને કુંવરજી તેડાવિયા,
અમ કુમારીના મોહમાં સોહાઇ મોહન આવિયા.

અવની ને આકાશને નિજ ભાવથી ભિંજાવિયાં,
સુંદરીની સાહેલીઓનાં પ્રેમલ દિલ રિઝાવિયાં.
અંજન આંજ્યાં નેહનાં ને નયન નમણાં નાચિયા,
કામણથી મુગ્ધા કુમારી કરકમલ ઝુલાવિયાં.

અમાત્ય— ૧૦

દૈવી શી માયા સુતપર છે તાતની ! દૈવી.
આત્મ પ્રતિબિંબ સુત, એ સત્ય,
અતુલ પ્રીતિ ઝરતી ,,
એ પ્રીતિ નિરખવા આવે
દેવ પણ ઉતરી. ,,

યશોધરા— ૧૧

ચંદા ! વરસાવ અમીરસ ધારા,
કરે વિનતી આદીન દારા, ચંદા૦
વૃષ્ટી શિત વરસાવજે સુગંધથી ભરપૂર
પ્રિતમ હૃદય ભીજાવીને તું દે શાંન્તી મમ પ્યારા,
મોહન નેને નિંદની, ઢાળ મધુરી છાંય,
સ્નેહ વિમાને ઝુલવી, સુખભર સ્વપ્નમાંય. ,,

સિદ્ધાર્થ— ૧૨

ઉડી જા, ઉડી જા, જગતની અશાંતિ !
મધુરા હૃદયમાં ઝરો સ્નેહશાંતિ ! ઉડી૦
ભજનમાં રમંતા સુઆનંદ મેવા,

વરસી પ્રિયાને ભીંજાવો, અશ્રુ ઓ ! „
અવની પરેથી દુઃખ દર્દ જાઓ,
આનંદ આનંદ આનંદ છાઓ. „

મધુપ્રભા— ૧૩.

ચડયો મધુરો કેફ,
સાજનિયાં, ચડયો મધુરો કેફ.
નયને કેફ છે,
અંતરે કેફ છે,
અંગે અંગ છે કેફ કેફ કેફ. સાજનિયાં૦

પ્રિય પધારો, લઇએ લ્હાવો,
આવો બનીએ એક;
રસ રેલાવો, ઉર ઉભરાવો,
પી લ્યો પ્યારો કેફ કેફ કેફ. સાજનિયાં૦

સ્નેહીને આંગણે, ખૂટયો ન ખૂટે,
સ્નેહની એવી નેક;
પ્રભુને દ્વારે, કેફ લુંટાયે,
કહો તે કેવો કેફ કેફ કેફ ? સાજનિયાં૦

યશોધરા.— ૧૪.

લઇ જાઓ સંગાથે, નાથ ! મને લઇ જાઓ ને.
પાલવડો પસારી પડું પાય, મને લઇ જાઓ ને.
વિયોગે હૃદય આ ચીરાય,

સદા આપની છાયામાંય. મને૦

પ્રિય વિણુ પ્રમદાને જગ અંધકાર જો,
આત્મણિ દેહ, નાથ ! છે શુન્યકાર જો.
પ્રાણે જીવન આ જીવાય,
સદા આપની છાયામાંય. મને૦

અંક ૨ જો.

કપિલવસ્તુના નગરવાસીઓ— ૧૫.

આરતિ પ્રેમે સ્વીકારો રે, મુરારી પ્રભુજી !
આરતિ પ્રેમે સ્વીકારો,
છો ભીડભંજન, દીન મન રંજન,
દુઃખિનાં દુઃખ વિદારો રે. મુરારી પ્રભુ૦
તન ધન યૌવન આપ છો સાગર,
આપ વિના નહુ આરો રે. ,,
ઘટ ઘટ વ્યાપક, સ્વર્ગ પ્રકાશક,
જગ પર જ્યોતિ ઉતારો રે. ,,
થાલ આકાશમાં ભાનુ દીપક ભયો,
તારિકા મોતીમાં ચંદ હીરો ધર્યો;
કૈલાસવાયુ તણો ધુપ સુરભિ ભર્યો,
સકલ વનરાજિ ફૂલપુંજ ખીલી રહ્યો,

બ્રહ્માંડ જ્યાં આરતિ બાલચેષ્ટા સમી,
ત્યા કોન ગનતી મહિં આરતિ અમ હરિ ! આરતિ૦

કૃશા.— ૧૬.

હાં રે મ્હને ઘેલી કરી મારે વ્હાલમે,
નેહથી દેહે ભૂલી મારૂ ભાન રે. મને૦
મનાવી પટાવી દબાવી મને શરમે,
હરાવી હરાવી હો રાજ રે. મને૦
પ્રેમ સરવર પર પોયણી હું છું,
પ્રીતમ છો રસરાજ (૨),
સ્નેહામૃતની છું પિપાસુ,
મમ સુધાકર આશ (૨),

સુરેશ. ચંદ્રકલા છે શોભતી, કુમુદ જો ઝીલતુ હોય,
રસનિધિ શા કામનો, રસ પીનાર ન કોઇ ?

કૃશા. મનાવી પટાવી દબાવી મને શરમે,
હરાવી હરાવી હો રાજ રે. મને૦

સુરેશ.— ૧૭

મુજ મન સુખ દુઃખ સરખાં રે,
નથી અભિલાષા કંઇ મ્હારે;
હવે સુખ દુઃખ સરખાં રે.—મુજ મન૦
થઇ પારધિ પંખિ મૃદુ મોડ્યું,
ધૂળમહિ કુસુમને રોળ્યું;

મમ હાથથી અમૃત મેં ઢોળ્યું,
હવે સુખ દુઃખ સરખાં રે—"

સિદ્ધાર્થ— ૧૮

દુનિઆ દુઃખ ભરી,
ભ્રાંતિ ગઇ ગળી—દુનિઆ૦
વૈભવ આ દુઃખ દાયક છે,
દિલ ઘાયલ છે,
જગ કાયર છે;
જા સંસાર સરી—"

રમણ—મધુરી— ૧૯

ભાન સાન ભૂલી નાહાન, છું અજાણ;
પ્રિય પ્રાણ કેરા પ્રાણ—ભાન૦
તું છો દીપક, ને હું તો પતંગ છું;
બંસરી વ્હાલી, ને હું તો કુરંગ છું.
જાણું ન કાંઈ, હું છું વ્હાલમ-વેંચાણ, પ્રાણ,
છું અજાણ—ભાન૦

પ્રેમથી હસાવી,
મને જાદુથી મનાવી;
તમે મોહમાં ફસાવી,
હર્યા ભાન સાન;
વાહ, પ્રાણ !—ભાન૦

શાની સખીઓ— ૨૦

નવેલી સાહેલીને શણગારીએ,
હેમે મઢાવીએ;
રત્ને જડાવિયે;
માણેક મોતીથી ઓપાવિયે—નવેલી૦
સખી રતિ તણો અવતાર છે,
રતિપતિના હૈયાનો હાર છે;
સ્વર્ગે રંભા સમી શોભનાર છે—"

ારાંગના— ૨૧

રસિલાથી નાદાન રમતમાં, હું રે રિસાણી (આજ),
હાંસિની થઇ હાનિ—રસિલાથી૦
દિલ છેડતાં છુટ્ટું પડયું,
ઘાયલ કરી ચાલી ગયું;
પ્રિય ભેટવાનું રહી ગયું,
રૂસણા સટે રૂદન રહ્યું;
હાંસિની થઇ હાનિ—"

ેક્ષાર્થ— ૨૨

ારે ! આ વિશ્વ વાડીનાં, જીવન પુષ્પો ખરંતાં જાય !
હિ ફુલ્યાં, નહિ ફાલ્યાં, ન કો માળી બચાવે હાય ! અરે.
પટ સંસાર-પવનની વાય, બિચારાં બ્હાવરાં તે થાય,
પાયાં સ્વાર્થ-ઝાંડીમાં, અરર ! ત્યાંયે ગયાં વિંધાય—"

વિલાસોમાં દિલાસો લઇ, ભોગવવા ભોગ બને ઘેલાં,
મઝા ચુસી લુટી લેવા, ઉછાળા મારતાં ઘેલાં !--"
પૂરી થઇ વાસના ના એક, બીજી ઉભી, ત્રીજી ઉભી;
મળ્યું જીવન, જોબન કયાં ? મળ્યું જોબન, છે રસ કયાં ?-'
મળ્યો રસ, કોણ પીનારાં ? પીનારાં છે, પણ પ્રીતિ કયાં ?
થઇ પ્રીતિ, પણ શાંતિ ના, રહ્યાં ઝુકયાંજ ત્યાં ને ત્યાં-"
અધુરી આશ, અધુરા કોડ, મૂરખ માળી ! તું માયા છોડ
ખીલાવી ફૂલડાં ભોળાં, જગત્-ઉદ્ધારમાં મન જોડ—"

સિદ્ધાર્થ— ૨૩

છે અગાધ પ્રેમ મમ હૃદયે,
પ્રિયા પરે, પ્રાણીપરે, વિશ્વપરે, અણુપરે—છે.
સ્થુલ મહિં, સૂક્ષ્મ મહિં, અનાદિ અનંત છે,
દેહથી વસુધા, તું જગથી પ્રિયે—"
વિયોગમાં, સંયોગમાં, સ્નેહ એ જીવંત છે,
જગની જડી બુટ્ટી તુજ છે પ્રિયે—"

શ્રમણ— ૨૪

વાહ, લીલા અહા ! ધરણીધર તાતની,
રહી છવાઇ છટા, પુણ્ય પ્રભાતની—વાહ !
મોરલા બોલિયા, આંબલા ડોલિયા;
ફૂલડાં ઝુલિયાં, પવન લહરી મહિં—"
નોબતો દુંદુભિ, શંખનાદો વળી;

સંત ગાનો થકી, ગગન ગાજી રહ્યું—"
તિમિરને ટાળવા, પૂર્વ પ્રકટાવવા;
સુરભિ મ્હેકાવવા, જ્યોતિ જો ઝગહુળી—"
હૃદયથી હૃદયને, સ્નેહના મંદિરે,
ભક્તિથી ભેટી લે, તેજ-નિમજ્જન—"
સ્થુલમાં, સૂક્ષ્મમાં, સકલ નિજ દેહમાં;
સ્ફૂરશે નવીન ત્યાં ઊર્મિ આનંદની—"
ઉર્મિ એ લઇ જશે, આત્મના નાવને,
મોક્ષને કાંઠડે, મોતીડાં મેળવી.—"

સિદ્ધાર્થ— ૨૫

ભૂલી જજે આ, અપરાધીને;
અપરાધીને—હતભાગીને—ભૂલી૦
વ્હાલી તણો હું, વિશ્વતણો હું;
પ્રાણ પ્રિયાના, અંગ આલમનું—ભૂલી૦
વ્હાલી ન ઓછું આણતી, અખંડ છે અનુરાગ;
તુજમાં વિશ્વ જોઉં છું, તુજ માટે મમ ત્યાગ—"

સુજાતા અને પૂર્ણા— ૨૬

પીજો પ્યારા, પૂજન પ્રેમ ધારા;
પડું હું પાયે દેવ મારા—પીજો૦
આવી આવી, આભારી, હું તમારી;
વનમાળી, હો વિહારી લ્યો સ્વીકારી—"

સ્વીકારી લેજો વ્હાલા;
નૈવેદ્ય ધરે તમ બાળા;
બાલતણાં, રસભીનાં, અંતરનાં;
દુઃખ હારા.

બુદ્ધ— ૨૭

આનંદે મન મંદિર છાયું;
જ્ઞાન પ્રભાવથી તિમિર ભેદાયું—આનંદે૦
જગત પ્રેમે આંગણુ ઉભરાયું;
પળમાં બુદ્ધ જીવન પલટાયું,
આત્મ મંથને નવનીત તાર્યું;
આલમ આવો, પ્રિય, લેવા લ્હાણું,
લેવા લ્હાણું—"

સુરેશ— ૨૮

રે મન! મૂરખ તું શીદ થા?
ન મૃતને અમૃતની આશા;
આશા, આશા—રે!
અંગાર મૂકો કુમુદ દલમાં;
ચંદ્રને પૂછું—ન ખીલતું કુમુદ કાં?
સંજીવન આશા!
હવે શી સંજીવન આશા!—ન મૃતને૦
તેજ ગયું મ્હારૂં તિમિર લાધું;

તિમિરનું રહ્યું કરવું વ્હાણું,
બીજી શી આશા ?
હવે રહી બીજી શી આશા ?—ન મૃતને૦

બુદ્ધ.— ૨૯

યોગ્ય નીવડજે યો ને, દીપાવજે આ લેખ,
થાળી યોગ સુવર્ણની, મોહ લોહની મેખ;
માયા–ભરતી ઓટમાં, સૌ તણાયે જીવ,
કુશળ તરનારો બચે, યોગી બચે જો ધીર.

સુરેશ. તારણ હાર (૩), મળ્યા જ્યાં તારણહાર,
હવે ડરૂં કેમ યોગથી જ્યાં તારણ હાર.
લીધી જ્યાં ભગવાને ભાળ,
બળપાશે સૌ મોહવિકાર,
ઉઘડ્યાં છે મમ દિલનાં દ્વાર,
બુદ્ધચરણથી પામીશ પાર. તારણ હાર૦

બુદ્ધ.— ૩૦.

મનવશ સંસાર સુખ દુઃખ માનો,
મન જીત્યે જગ જીત્યું પ્રમાણો. મનવશ૦
ભગવાં ભસ્મ ને વેદનાં ગાનો,
મન હોમ્યા વિણ ભાર નકામો. ,,
કાગ ભલે મુક્તાફલ પામો,
કાગ–મને નહિ હંસ થવાનો. ,,

ફૂરશા.—　　　　　　૩૧

ભૂલી જવો સંસાર,
ભેખનો સાર,
પ્રભુ એક આધાર,
દેહનૌકાનો તારનાર.　　　　ભૂલી૦
સગપણ આખી આલમ સાથે,
મારૂં તારૂં કોને માટે,
વસુધા સૌ સ્નેહીને સાટે,
મોહ મમતા અળપાવનાર.　　　　„

બુદ્ધ અને સંઘ.—　　　　૩૨.

સંતો દિલડાં ભરજો સ્નેહ થકી,
સ્નેહે ભરજો પ્રાણ, ભરજો દયાસિંધુ થઇ હો,
ભરજો પ્રેમ સરિતા પૂર, ભરજો કરૂણા કેરાં પૂર. સ્નેહે૦
સૂકું જગત જાણે કરમાઇ,
સ્નેહ વિના બની દીન, સંતો, (૨).
કુસુમ કલિ કરમાયે જલવિણ (૨),
બિચારા માળી જળ આધીન.　　　　„
આલમ આખી તરફડે ત્યાં,
ઘટે ન સ્નેહનો લોભ, સંતો, (૨),
ગૃહ બળ્યા પછી જળ નકામું (૨),
ભલે ને વરસાવો જલઘોધ,　　　　„

રમણ. મધુરી. ૩૩

બોલ મીઠા બોલી હું મનાવું રે,
હું મનાવું રે.
તોયે વ્હાલમથી હું તો રિસાઉં રે,
હું રિસાઉં રે,
મ્હારા સમ દઇ મધુરી મનાવું,
આપો સમ તો સતાવું રિસાઉં,
લઇ ચુંબન પ્રિયાને રિઝાઉં રે. તોયે૦
આલિંગન લઇ સુંદરી હસાવું,
જાઓ, કામણથી હું ના ધુતાઉં,
થઇ લાચાર દૂર હું જાઉં,
ના જાશો, પ્રીતમ, ના રિસાઉં રે. બોલ૦

અનાથ પિંડિક તથા સંઘ. ૩૪.

ઝીલો તથાગત પ્રકાશ,
આખા જગકેરી આશ,
પ્રાણી તણો શ્વાસો શ્વાસ,
ચંદ્ર સૂર્ય ઉજાસ.
ઉર મંદિરનાં દ્વાર ઉઘાડી,
સ્વાગત કરો આવ્યા દેવ અટારી,
ભેદી વાદળ વિશ્વનાં, પ્રગટયા છે બુદ્ધ ભાણુ,
આંતર વાદળ ભેદીને, ભેટી લીઓ ભગવાન.

યશોધરા.-- ૩૫.

મળવા અધીરૂં મન (૨),
કંથને, પ્રિય સંતને. મળવા૦
સંત કહું કે કહું સ્નેહી જન ?
પ્રાણ કહું કે પ્રભુ કહું મમ ?
વ્હાલમ કહેશે શું આ રંકને ? ”
અંતરમાંહિ કંઇ કંઈ થાય,
હાથ રહે ના કંપતી કાય,
પ્રાણે વધાવું પ્રાણ પંથને. ”

બુદ્ધ-- ૩૬

દેવી ! ક્ષમા કરો અપરાધ,
નમું ઉદાર દિવ્ય દિલને.

યશોધરા—રંકને શરમાવો ના નાથ,
આપ સાગર હું બિંદુ ખરે !

બુદ્ધ— બાલકમલ સમ કુણા હૈયાને,
છુંદી ગયો આ ક્રૂર,

યશોધરા—ખીલે કમલ ભલે ચંદ્ર વસે દૂર,
પ્રીતિનાં વ્હેતાં પૂર.
પ્રભુ, જ્યાં પ્રીતિનાં વ્હેતાં પૂર,

બુદ્ધ— નમું ઉદાર દિવ્ય દિલને. દેવી૦

સમાપ્ત.

સુચના.

નીચે લખેલાં પુસ્તકો શ્રી આર્ય નાટ્ય સમાજ નો મુકામ જ્યાં હોય ત્યાંથી મળશે માટે જેઓ સાહેબને જોઇતાં હોય તેઓએ રોકડી કીમતથી મંગાવ લેવાં વી. પી. થી. મોકલવામાં આવશે નહિ નોટપેપર કાગળ રાખવામાં આવશે નહિ.

બોલતો કાગલ.	આવૃત્ત આઠમી.	૦—૨—૦
ચાલુ જમાનો.	આવૃત્તિ પહેલી.	૦—૨—
જાલિમ દુલીયા.	આવૃત્તિ બીજી	૦—
સિદ્ધાર્થ બુદ્ધ.	આવૃત્તિ પહેલી.	૦—૨

મોતીરામ બેચર નંદવાણા

માલેક.

શ્રી આર્ય નાટ્ય સમાજ.